બોરતળાવ પોલીસ સ્ટેશન "એ" પાર્ટ ગુ. ર. નં.૧૧૧૯૮૦૧૫૨૬૦૧૯૬/૨૦૨૬ના કામે આરોપીઓ (૧) રાકેશ સ/ઓ બાબુભાઈ ગોબરભાઈ ટેભાણી, (૨) રાહુલ ઉર્ફે મચ્છો સ/ઓ રમેશભાઈ ભગવાનભાઈ સોલંકી નાઓની જામીન અરજી લગત હુકમ :–

.......................................................................................................................

(૧) જામીન અરજી વંચાણે લીધી. સરકાર પક્ષે વિ. એ.પી.પી.શ્રી ને સાંભળ્યા, આરોપીઓ તર્ફે વિ.વકીલ શ્રી. પી. પી. જાડેજાને સાંભળ્યા.

(૨) ત્યારબાદ વિ.એ.પી.પીશ્રીની એવી રજુઆત છે કે, આરોપીઓ સામે બી. એન. એસ. કલમ–૩૦૫, ૩૩૧(૪), ૫૪ મુજબ ગંભીર ગુન્હાનો આક્ષેપ છે, જેની સજાની જોગવાઈ ધ્યાને લેતાં ૫ વર્ષથી લઈ ૧૪ વર્ષ સુધીની કેદ તથા દંડની સજાની જોગવાઈ છે. જેથી જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩) ત્યારબાદ, આરોપીઓ તર્ફે તેઓના વિ.વકીલશ્રીએ તેઓની દલીલમા એવી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીઓએ આવો કોઈ ગુન્હો કરેલો નથી. ટ્રાયલ ચાલતા ઘણો લાંબો સમય લાગે તેમ હોય જો અરજદારોને જામીન મુકત કરવામા નહી આવે તો અરજદારોને પ્રિ ટ્રાયલ કન્વીકશનનો ભોગ બનવાનો વારો આવે તેમ છે. અરજદારો કયાય નાશી ભાગી જાય તેવા નથી. આરોપીઓ કુંટુંબ કબીલાવાળા માણસ છે અને તેઓનું કાયમી રહેઠાણ ધરાવે છે અને નાશી ભાગી જાય તેવા નથી. તેમજ કેસ ચાલતા હજુ લાંબો સમય જાય તેમ છે. જેથી આરોપીઓને યોગ્ય રકમના જામીન પર છોડવા દલીલ કરેલ છે.

(૪) બન્ને પક્ષે દલીલો સાંભળી, કેસનું રેકર્ડ વંચાણે લીધુ. બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૦ ની જોગવાઈઓ ધ્યાને લીધી. આ કામે આરોપીઓ સામે બી. એન. એસ. કલમ––૩૦૫, ૩૩૧(૪), ૫૪ મુજબના ગુન્હાનું તહોમત છે. આ કામની એફ.આઈ.આર વંચાણે લેવામા આવે તો ગઈ તા.૧૦/૦૨/૨૦૨૬, તા.૧૯/૦૨/૨૦૨૬, તા.૨૧/૦૨/૨૦૨૬, તા.૨૨/૦૨/૨૦૨૬ તથા તા.૨૫/૦૨/૨૦૨૬ ના રોજ રાત્રીના આઠ વાગ્યાથી સવારના છ વાગ્યા દરમ્યાન તેમના એ. એ. ઈન્ટરનેશનલ એન્ટરપ્રાઈઝ પ્લોટ નં.એફ ૩૧૧૨, કૈલાસવાડી, માઢીયા રોડ, કુંભારવાડા, ભાવનગર ખાતે આવેલ ડેલામાં અંદર પ્રવેશ કરી અજાણ્યા પ્રથમ બે માણસો ત્યારબાદ અજાણ્યા ત્રણ માણસો સફેદ કલરનું એકસેસ લઈને આવી મેટલ અંદાજે કુલ–૫૦૦ કીલો જેની અંદાજીત કીંમત રૂા.૫,૫૦,૦૦૦/– ની ચોરી કરી લઈ જઈ ગુન્હો કરેલ હોવાની હકીકતો વાળી ફરીયાદ

હકીકતનો આક્ષેપ છે. જામીન અરજીની સુનાવણીના તબકકે નામદાર કોર્ટે આરોપીઓની સામેના ગુન્હાનું તહોમત, આરોપીઓની સામેના પુરાવા, આરોપીઓ સામેના સદર ગુન્હાની સજાની જોગવાઈ, આરોપીઓનો સમાજમા મોભો, સંજોગો, આરોપીઓની કેસ ચાલતા સમય દરમ્યાન સંભવીત હાજરી, તથા સમાજ પર આવા ગુન્હાની અસર વિગેરે મુદાઓ ધ્યાનમા લેવાના હોય છે. આ કામે આરોપીઓની સામે ગંભીર ગુન્હાનું તહોમત છે. સદરહુ બી.એન.એસ. કલમ–૩૩૧(૪) ના ગુન્હામા સજાની જોગવાઈ ૫ વર્ષથી લઈ ૧૪ વર્ષ સુધીની કેદ તથા દંડની સજાની જોગવાઈ છે. સમાજમાં આવા ગુન્હા વધતા જાય છે અને આવા ગુનેગારોને સહેલાઈથી છોડી દેવામા આવે તો સમાજમાં તેનો ખોટો સંદેશો જાય તેમ હોય, આરોપીઓને જામીનમુકત કરવા ન્યાયોચીત જણાતુ ન હોય, જામીન અરજી લગત નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**– : હુકમ : –**

આરોપીઓ (૧) રાકેશ સ/ઓ બાબુભાઈ ગોબરભાઈ ટેભાણી, (૨) રાહુલ ઉર્ફે મચ્છો સ/ઓ રમેશભાઈ ભગવાનભાઈ સોલંકી નાઓની જામીન અરજી આથી " નામંજુર" યાને રદૃ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા. ૨૦, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

તારીખ–૨૦/૦૩/૨૦૨૬
ભાવનગર.

(જોય સ્નેહલકુમાર મહેતા)
ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
ભાવનગર.
જીજે ૦૧૦૯૪

Faizan